# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## Mandaviya Nimnuk Patra

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી 71 હજારથી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂંકપત્ર એનાયત કર્યા હતા.

આ અંતર્ગત ગાંધીનગરના ચિલોડાના બીએસએફ  ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય રમત ગમતમંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી માંડવિયાએ સંરક્ષણ હસ્તકના વિભાગોના નિમણૂંક પામેલા યુવાનોને નિમણૂંક પત્ર આપ્યા હતા. રોજગાર મેળાનું આ 14મું સંસ્કરણ હતું. આ પ્રસંગે શ્રી માંડવિયાએ આ મુજબ જણાવ્યું ....

(બાઇટ- મનસુખ માંડવિયા,, કેન્દ્રીય રમત ગમતમંત્રી)

------------------------------------

## PMJAY Guidelines

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PMJAY અંગે આજે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આજે ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, આ યોજના અંતર્ગત મહત્વની અને જેમાં મોટો ખર્ચ થતો હોય તેવા

કાર્ડિયોલોજી, કેન્સર, પિડિયાટ્રિક્સ અને ઓર્થોપેડિક્સ જેવી બીમારીઓની સારવારની માર્ગદર્શિકામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 97 લાખ પરિવારોનાં આશરે બે કરોડ 65 લાખ દર્દીઓએ લાભ લીધો છે. 900થી વધુ ખાનગી અને 1500થી વધુ સરકારી હોસ્પટલોને તેમાં સમાવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, વર્ષ 2024માં આ માર્ગદર્શિકાનો ભંગ કરનારી 10 હોસ્પિટલો સસ્પેન્ડ કરીને પેનલમાંથી દૂર કરવામાં આવી છે અને દંડની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલાંક ડોક્ટરોને પણ કાયમી ધોરણે દૂર કરવામાં આવ્યા છે.

-----------------------------------

## E-Sarkar

સરકારી કચેરીઓમાં પેપરલેસ કામગીરી માટેનાં “ઇ-સરકાર” પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી તૈયાક કરવામાં આવેલી ઇ-ટપાલની અંદાજિત સંખ્યા એક કરોડથી વધારે નોંધાઈ છે. આ ઉપરાંત અંદાજે ૩૧ લાખથી વધુ ઈ-ફાઈલ ક્રિએટ કરવામાં આવી છે. આ કામગીરીને સુવ્યવસ્થિત બનાવવા એક લાખ 20 હજારથી વધુ વપરાશકર્તાઓની નોંધણી કરવામાં આવી છે.

રાજ્યમાં હાલ "સુશાસન સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. ઇ-સરકાર પ્લેટફોર્મમાં રાજ્યના તમામ ૨૬ સરકારી વિભાગો, ખાતાની વડી કચેરીઓ, કલેક્ટર કચેરીઓ, જિલ્લા વિકાસ અધિકારીની કચેરીઓ, મ્યુનિસિપલ કચેરીઓ તથા જિલ્લા અને તાલુકાસ્તરે વહીવટી કચેરીઓનો સમાવેશ થાય છે.

-----------------------------------

## Anjar Foundation Day

કચ્છના ઐતિહાસિક અને સૌથી જુના શહેર અંજારનો આજે 1480મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે નગરપાલિકા સહિતની સંસ્થાઓ દ્વારા આજે સવારે ખીલી પૂજન અને તોરણ પૂજન સહીતનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેમાં ધારાસભ્ય, નગરપાલિકા પ્રમુખ સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે સાંભળીએ અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધી હેમાંગ પટણીનો અહેવાલ....

**(Voice Cast Hemang Patni. PTC Kutch)**

-----------------------------------

## Farmer ID

પંચમહાલ જિલ્લામાં ફાર્મર આઈડીની નોંધણીની 54% કામગીરી થઈ છે. જિલ્લામાં કુલ 2 લાખ 46 હજાર ખેડૂતોમાંથી 1 લાખ 33 હજાર ખેડૂતોએ ફાર્મર આઈડી પર ખેડૂત નોંધણી કરવી છે.

ભારત સરકારે પીએમ કિસાનના હપ્તા માટે ખેડૂતોની ફાર્મર આઈડીની નોંધણી ફરજિયાત કરી છે. ઉપરાંત કોઈપણ યોજનાનો લાભ ખેડૂતોને એક ક્લીકમાં ફાર્મર આઈડીથી મળશે. આગામી પીએમ કિસાન યોજનાનો હપ્તો મેળવવા માટે ખેડૂત ફાર્મર આઈડી પર નોંધણી ફરજિયાત હોવાથી 31 ડિસેમ્બર પહેલા ખેડૂતોને નોંધણી કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

-----------------------------------

## Earthquake

સરહદી કચ્છ જિલ્લામાં આજે 10 વાગીને 44 મિનિટે 3.7 ની તીવ્રતા ધરાવતો ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. તેનું કેન્દ્રબિંદુ લખપતથી 76 કિમી. દૂર નોંધાયું હતું.

-----------------------------------

## DWARKA – PRASAD CHECKING

દ્વારકાધિશ જગત મંદિરમાં મળતા પ્રસાદની ગુણવત્તાને ઉત્તમ જાહેર કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે તંત્ર દ્વારા દ્વારકાધીશ જગત મંદિરમાંથી મળતા પ્રસાદની ગુણવતા ચકાસવા તેને ફૂડ વિભાગમાં મોકલાયો હતો. જે અંતર્ગત ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા દ્વારકાધિશ મંદિરના પ્રસાદને આરોગ્ય બાબતે ખૂબ સારો જાહેર કરાયો છે.

------------------------------------

## Vaccines to protect against cancer

મહેસાણાના ઊંઝામાં 18 વર્ષથી નાની દીકરીઓને ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી રસી આપવામાં આવી. જીમખાના મેદાનમાં યોજાયેલા કેમ્પમાં 850 થી વધુ દીકરીઓને આ રસીનો પ્રથમ ડોઝ વિના મૂલ્યે આપવામાં આવ્યો હતો.

------------------------------------

## Daman Yuva Utsav 2024

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા નાની દમણના સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમમાં જિલ્લા કક્ષાના યુવા ઉત્સવ 2024નું આયોજન કરવામાં આવ્યું હતું. નહેરુ યુવા કેન્દ્રના જિલ્લા યુવા અધિકારી અનુપમ કૈથવાસે જણાવ્યું કે, આ કાર્યક્રમને કારણે જિલ્લા કક્ષાના વિજેતાઓને રાજ્ય કક્ષાના યુવા ઉત્સવમાં અને ત્યારબાદ રાષ્ટ્રીય યુવા ઉત્સવ-2025, નવી દિલ્હીમાં ભાગ લેવાની તક મળશે. જિલ્લા કક્ષાના યુવા ઉત્સવમાં યુવાનોએ આઠ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

------------------------------------